**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ**
**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**ધાર્મિક પરિસરો (મંદિરો - મસ્જિદો - ગિરજાઘરો - ગુરૂદ્વારા, દેરાસરો, અન્ય ધાર્મિક સ્થાનો ) માટે Coid – 19 રોકથામની જોગવાઈઓ અંતર્ગત રાખવાની થતી તકેદારીઓની SOP**

૧. ધાર્મીક સ્થાનોનાં દરેક પ્રવેશ દ્વારો પર મુલાકાતીઓ માટે સેનેટાઇઝર ડીસ્પેન્સર અને થર્મલ સ્ક્રીનીંગ ફરજીયાત રાખવા.

૨. શક્ય હોય તો પ્રવેશ અને નિકાસ માટેનાં અલગ-અલગ દ્વાર રાખવા. જયાં એક જ દ્વારા હોય ત્યાં બેરીકેટીંગ કરી જવા-આવવાની વ્યવસ્થા અલગ કરવી.

૩. શકય હોય ત્યાં સુધી નાનાં બાળકો, પ્રસુતા અને વૃધ્ધોને પ્રવેશ આપવો નહિ.

૪. ધાર્મિક સ્થાનોમાં પ્રવેશ કરતા પહેલાં પગરખાં - ચપ્પલ પોતાના વાહનોમાં જ રાખવા અથવા બની શકે તો મુલાકાત લેનાર દરકે કુંટુંબો - વ્યકિતએ પોતાના પગરખાં અલગ જગ્યાએ રાખવાનાં રહેશે.

૫. શ્રધ્ધાળુઓને એક સાથે પ્રવેશ ન આપતા તુટક - તુટક સંખ્યામાં જ પ્રવેશ આપવો.

૬. પ્રવેશ સમયે લાઈનમાં ઉભા રહેલ શ્રધ્ધાળુઓએ સોશીયલ ડીસ્ટન્સનું ( બે વ્યકિત વચ્ચે ઓછામાં ઓછા ૬ ફુટનું અંતર) ફરજીયાતપણે પાલન કરાવવા માટે કુંડાળા અથવા ડીમાર્કેશન લાઈનો દોરવાની રહેશે.

૭. પરિસરનાં પાર્કીંગ લોટસ્ અને બહારનાં ભાગે પણ મુલાકાતીઓ ભેગા થવા ન જોઇએ તે સુનિશ્ચિત કરવું. પાર્કીંગ ટીકીટ આપનારે હેન્ડ ગ્લોઝ પહેરવા.

૮. ધાર્મિક સ્થાનોમાં લીફટનાં ઉપયોગમાં પણ સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરાવવું જે માટે પ્રોપર માર્કીંગ કરવું.

૯. પરિસરમાં શ્રધ્ધાળુઓને બેસવા માટેની બેઠક વ્યવસ્થામાં પણ સોશીયલ ડીસ્ટન્સનું પાલન થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવી.

૧૦. ધાર્મીક સ્થાનોની મુલાકાત દરમ્યાન શ્રધ્ધાળુઓએ માસ્ક ફરજીયાત પહેરેલ હોય તો જ પ્રવેશ આપવો. પરિસરમાં પુરેપુરો સમય માસ્ક પહેરેલાં રાખવા.

૧૧. માસ્ક અંગેની સઘન ચકાસણીની વ્યવસ્થા સારૂ ધાર્મીક સ્થાનોનાં મુખ્ય પુજારી અથવા વ્યવસ્થાપક મંડળે પોતાનો કોવીડ-૧૯ કોર્ડીનેટર નિમી તેની સંપૂર્ણ વિગતો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને આપવાની રહેશે.

૧૨. જે શ્રધ્ધાળુઓ પાસે માસ્ક ન હોય તેઓ માટે માસ્કની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૧૩. ધાર્મિક પરિસરમાં પાન-મસાલા અને ગુટખા તેમજ થુંકવા પર સંપૂર્ણ પ્રતિબંધ રાખવો.

૧૪. શ્રધ્ધાળુઓએ ઉપયોગમાં લીધેલ માસ્ક, ગ્લોઝનાં ડીસ્પોઝલ માટે જરૂરી સંખ્યામાં ડસ્ટબીન રાખવા. પુરતા પ્રમાણમાં આ માટેનાં સાઈનેજીસ્ રાખવા.

૧૫. કોરોનાનાં પ્રસરણને ધ્યાને લેતા પરિસરમાં શ્રધ્ધાળુઓનાં સમુહો ભજન - કીર્તન - આખ્યાનો કરવા જોઇએ નહિ. રેકોર્ડેડ ભજનો - ભકિતગીતો વગાડી શકાશે.

૧૬. શ્રધ્ધાળુઓ પરિસરમાં એકબીજાને ભેટવા જોઇએ નહિ તેમજ પરિસરમાં ભજન આનંદ કે ટોળામાં નૃત્ય પર પ્રતિબંધીત રાખવાનો રહેશે.

૧૭. વાજીંત્રોની આપ લે કરવાની મનાઇ ફરમાવવાની રહેશે.

૧૮. મંદિર પરિસરમાં ઘંટ રાખવાના રહેશે નહિ. એક કે વધુ લોકો ઉપયોગ કરતા હોય તેવો શંખનાદ પણ કરવા પર પ્રતિબંધીત છે.

૧૯. પરિસરમાં સમુહ પ્રાર્થના - નમાજ કરવી જોઇએ નહિ તેમજ આ માટે પોતે પાછું લઇ જઇ શકે તે પ્રકારની બીછાવવાની પોતાની વ્યકિતગત ચાદર કે કપડાનો જ ઉપયોગ કરવો.

૨૦. ધાર્મિક સ્થાનોમાં આવેલ મૂર્તિઓ, પ્રતિમાઓ, વગેરેને અડકવા કે કોઇપણ જાતનો ચઢાવો (ચુંદડી, ફુલહાર, તેલ, સિંદુર, વગેરે) ઉપર સંપૂર્ણ પ્રતિબંધ રાખવો.

૨૧. એકબીજાનો શારીરીક સંપર્ક થાય નહિ તે સારુ પ્રસાદ, ચરણામૃત કે જળાભિષેક પર પ્રતિબંધ રાખવાનો રહેશે.

૨૨. નાણાંકીય દાન માટેની આપ-લે બની શકે તો ડીજીટલ પેમેન્ટથી જ કરાવવી અન્યથા એક-બીજાનો સ્પર્શ ન થાય તે રીતે દાનપેટીનો જ ઉપયોગ કરવો.

૨૩. પાણીની પરબો સદંતર બંધ રાખવાની રહેશે તેમ છતા શ્રધ્ધાળુઓ માટે પેકેઝડ્ પાણીની બોટલોની વ્યવસ્થા રાખી શકાશે.

૨૪. ભોંયતળીયું, બાથરૂમ, હાથ - પગ ધોવા માટેની જગ્યાની એક થી વધારે વખત ડીટર્જન્ટ, ડીસઇન્ફેક્ટન્ટ, જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી સઘન સફાઇ કરાવવાની રહેશે.

૨૫. સતત ઉપયોગમાં આવતા હોય તેવા દરવાજાનાં હેન્ડલો, રેલીંગ્સ, બેન્ચીસ, બાથરૂમો, લીફટનાં બટનોને વારંવાર સેનેટાઇઝ કરવા.

૨૬. ધાર્મિક સ્થાનનાં સમગ્ર પરિસરનું દૈનીક ધોરણે સેનેટાઇઝેશન ફરજીયાત કરાવવાનું રહેશે.

૨૭. પરિસરમાં આવેલ વોશરૂમનાં યુરીનલ્સમાં ત્રણ વચ્ચે એક યુનીટ છોડી તે મુજબ ચાલુ રાખવા.

૨૮. ઈન્કવાયરી માટેનાં કર્મચારીની ડેસ્ક સીધો સંપર્ક અટકાવવા માટે પ્લેકસીગ્લાસ કે અન્ય રીતે કવર કરેલી રાખવી.

૨૯. પરિસરમાં આવેલાં બાળકોને રમવા માટેનાં પ્રદર્શનો - પ્લે એરીયા બંધ રાખવા.

૩૦. મંદિર પરિસરમાં ધાર્મિક પુસ્તકોનાં વિતરણ - વેચાણ કે અન્ય ધાર્મિક સામગ્રીની દુકાનો કે અન્ય વાણિજયક પ્રવૃતિ સદંતર બંધ રાખવાની રહેશે.

૩૧. પરિસરમાં એ.સી. નું તાપમાન ૨૪ - ૩૦ સેલ્સીયસ વચ્ચે રાખવાનું રહેશે. બની શકે તો શુધ્ધ હવાનું અવર-જર થઇ શકે તે મુજબનાં ક્રોસ વેન્ટીલેશન રાખવા.

૩૨. પરિસરમાં આવેલા સમુહ ભોજનાલયો / લંગરો / અન્નદાન માટેની જગ્યાઓ પર નીચે મુજબનાં નિયમોનું પાલન અવશ્ય કરવાનું રહેશે.

- શ્રધ્ધાળુઓની ભીડ વધારે થાય નહિ તે મુજબ લાઇનોમાં સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરાવવાનું રહેશે.
- ભોજન માટેની પંગતો પણ સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરવામાં આવે તે મુજબ બેસાડવાની રહેશે.
- રસોડામાં કામ કરતા કર્મચારીઓ - શ્રધ્ધાળુઓએ પણ સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરવાનું રહેશે.
- શ્રધ્ધાળુઓને જ ભોજન પીરસવાની કામગીરી કરતા લોકોએ માસ્ક, ગ્લોઝ, જેવા સુરક્ષાનાં સાધનો અવશ્ય પહેરવાનાં રહેશે.
- દરેક પંગત બાદ જગ્યાને સેનેટાઇઝ કરી જંતુમુકત કરવાની રહેશે.
- પંગતમાં ઉપયોગમાં લેવામાં આવેલ વાસણોને દરેક ઉપયોગ વખતે ડીટર્જન્ટ કે ડીસઇન્ફેક્ટન્ટથી જંતુમુકત કરીને જ ઉપયોગ કરવાનો રહેશે.